**ક્રિ. કેસ નં. 616/2010**

**આંક–૧ હેઠળ હુકમ**

આજરોજ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદના પત્ર ક્રમાંક ૦૪ /૨૦૨૨,તા.૦૮/૦૮/૨૦૨૨ ના પત્રમાં આપવામાં આવેલ સુચનાઓ મુજબ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ પેટી કેસીસ, ટ્રાફીક કેસો, તેમજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ કેસો વિગેરેના યોગ્ય નિકાલ માટે તથા ફો.કા.અ.ની કલમ ૨૫૮ હેઠળ ડેડવુડ કેસીસના સ્ટોપ પ્રોસીડીંગ્ઝ માટે તેમજ ફો.કા.અ.ની કલમ ૩૨૧ અન્વયે ફરીયાદપક્ષે કેસો પરત ખેંચવા તથા પ્લી બારગેઈનીંગથી કેસો નિકાલ કરવા માટે અત્રેની અદાલતની સ્પેશીયલ સીટીંગ રાખવામાં આવેલ.

સદર કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. સદર કામે આરોપી સામેનો ગુનો ધ્યાને લેતા આરોપી સામે ઈ.પી.કો.કલમ ૨૭૯ વિગેરે અન્વયેના ગુનાનો આક્ષેપ છે . હાલના કામે આરોપી સામે ચાર્જશીટ દાખલ થયેલ છે જેથી આરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટના આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરંટ કાઢવા છતા આરોપીને હાજર રાખવામાં પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ પણ આરોપીને હાજર રાખવામાં આવેલ નથી.તદ્દઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી શકયતા જણાતી ન હોય જેથી આવા અસામાન્ય તથા વિશિષ્ટ સંજોગોમાં આરોપી વિરૂધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાય છે. હાલના કેસના કામે ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૮ ની જોગવાઈ જોતાં ફરિયાદ ઉપરથી હોય તે સિવાય માંડેલા સમન્સ કેસોમાં, પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ પોતે લેખીત કારણોસર કોઈ ફેંસલો સંભળાવ્યા વિના કોઈપણ તબકકે કાર્યવાહી બંધ કરી શકશે, તેવી જોગવાઈ છે. આ ગુન્હાના કામે આરોપીને લાંબા સમયથી બજવણી થયેલ નથી તેમજ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હો પેટી ઓફેન્સ છે. જેથી ઉપરોકત સંજોગોમાં કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ નિરર્થક બને તેમ છે. જેથી કાર્યવાહી આગળ ન ચલાવતા કાર્યવાહી બંધ કરવી યોગ્ય અને ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે હાલના કેસની કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

સદરહું ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ થયો હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને જો કોઈ હુકમ ન થયો હોય તો સદરહું કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે માલિકીની ખરાઈ કરી સંબંધિત પો.સ્ટે. એ માલિકને પરત કરવો. આ કામના આરોપી મળી આવ્યેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ ફો. કા.અ.ની કલમ ૩૦૦(૫) હેઠળ ફરી દાખલ કરી શકશે તેવી પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૩/૦૮/૨૦૨૨
અમદાવાદ.

(કુ.રૂચિતા વિકાસ રાજે)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૮, અમદાવાદ.
કોડ નં.જી.જે.૦૧૦૪૮